# વાંકી વળેલી સ્ત્રી
## ફાધર વર્ગીસ પોલ

વાંકી વળેલી અબ્રાહમની દિકરીની વાત ઈતિહાસમાં ખાસ ધ્યાન આપનાર શુભસંદેશકાર લૂક જ કરે છે. અઢાર વર્ષથી માંદગીનો ભોગ બનનાર બાઈએ ચમત્કારિક રીતે સાજા કરવાની વાતમાં આપણને લૂકના વૈદકીય જ્ઞાનનો પણ ખ્યાલ મળે છે.

લૂકની વાત સાંભળીએ, વિશ્રામવારે ઈસુ એક સભાગૃહમાં ઉપદેશ આપતા હતા. ત્યાં એક બાઈ એવી હતી જે અઢાર વર્ષથી અપદૂત વળગવાથી માંદી હતી ; તે વાંકી વળી ગઈ હતી અને ટટ્ટાર ઊભી રહી શકતી જ નહોતી. તેને જોતાં જ ઈસુએ તેને પાસે બોલાવી કહ્યું, બાઈ, તારી પીડા મટી ગઈ છે.' એમ કહીને તેમણે તેના ઉપર હાથ મૂક્યા કે તરત જ તે ટટ્ટાર થઈ ગઈ અને ઈશ્વરની સ્તુતિ કરવા લાગી(લૂક ૧૩, ૧૦-૧૨).

અહીં લૂકે એક વ્યવસાયી વૈદ તથા ઇતિહાસકાર તરીકે બાઈની માંદગીની વાત વિગતવાર કરી છે. તે બાઈની માંદગીની વાત વિગતવાર કરી છે. તે બાઈ અઢાર વર્ષથી પોતાની માંદગી વેઠી રહી હતી. તેની લાંગી માંદગીને કારણે તે ટટ્ટાર ઊભી રહી શકતી નહોતી. તે વાંકી વળી ગઈ હતી. છતાં તે બાઈ પોતાની માંદગીથી હારેલી કે થાકેલી નહોતી. તે પોતાની માંદગી માટે ઈશ્વરનો અને સૌ કોઈનો વાંક કાઢતી નહોતી. તે માંદી હોવા છતાં દર વિશ્રામવારે સભાગૃહમાં આવતી હતી અને પ્રાર્થનામાં ભાગ લેતી હતી. તેના અસાધ્ય લાગતા રોગથી કંટાળ્યા વિના તે સભાગૃહમાં આવીને બધા શ્રદ્ધાળુ લોકો સાથે ઈશ્વરની સ્તુતિ કરતી હતી.

ઈસુ પોતાના શિષ્યો સાથે ઠેર ઠેર રખડીને ઈશ્વરના રાજયની ઘોષણા કરવા વચ્ચે વિશ્રામવારને દિવસે પોતાની ટેવ મુજબ બીજા બધા યહૂદીઓની જેમ સભાગૃહમાં જાયે છે. ઈસુ અને તેમના શિષ્યો તથા પેલી બાઈ અને તેમના જેવા શ્રદ્ધાળુ લોકો સાથે વિશ્રામવારે તે સભાગૃહમાં એક નાની ટોળકી પણ છે. એ ટોળકીમાં ઈસુના વિરોધીઓ અને ટીકાકારો છે. યહૂદી ધર્મના આગેવાનો હોય એવા ફરોસીઓ અને શાસ્ત્રીઓની એ ટોળકીનું કામ ઈસુની ભૂલો શોધી કાઢીને એમને ફસાવવાનું છે.

આ ટોળકીમાં સભાગૃહના અધ્યક્ષનો પણ સમાવેશ થાય છે. ઈસુને બરાબર ખબર છે કે તેમના વિરોધીઓ પણ સભાગૃહમાં હાજર છે. પણ ઈસુ એમની પરવા કરતા નથી. તેઓ હંમેશની જેમ પોતાના નિર્ધારિત રસ્તે ચાલે છે. સભાગૃહમાં શ્રદ્ધાળુલોકો વચ્ચે વાંકી વળેલી સ્ત્રીને જોતાં ઈસુ તેને પોતાની પાસે બોલાવે છે અને તેના ઉપર ખૂબ પ્રેમ અને કરુણાથી હાથ મૂકીને તેને કહે છે, બાઈ, તારી પીડા મરી ગઈ છે.

પોતાના શિષ્યો સાથે ગામેગામ ઘુમતા પયગંબર તરીકેની ઈસુની ખ્યાતિ વિશે એ બાઈ હશે. એટલે ઈસુ

તેને પોતાની પાસે બોલાવે છે ત્યારે તે બાઈ ખંત અને ધીરજથી ઈસુ પાસે જાય છે અને ચમત્કારિક રીતે સાજી થાય છે. બાઈનો એક જ પ્રતિભાવ છે. પોતે બરાબર સાજી થયેલી જોઈને તે ઈશ્વરની સ્તુતી કરે છે અને સભાગૃહના ઘણા બધા લોકો એની સાથે જોડાઈને પ્રભુની સ્તુતિ ગાય છે.

ઈશ્વરની સ્તુતિ ગાતાં સાજી થયેલી બાઈએ કદાચ બાઈબલના જૂના કરારની હાન્નાની જેમ કહ્યું હશે કે,

પ્રભુએ મારું હ્રદય આનંદથી ભરી દીધું છે
પ્રભુની કૃપાથી હું ઊંચે માથે ફરું છું
મારા દુશ્મનોની હું હાંસી ઉડાવું છું
ઈશ્વરે મને સહાય કરી છે
એથી હું આનંદમાં છું(૧ શમુએલ ૨, ૧).

કદાચ પેલી બાઈએ નવા કરારમાં માતા મરિયમની જેમ ઈશ્વરનાં સ્તુતિવચનો બોલ્યાં હશે,

મારું અંતર પ્રભુનો મહિમા ગાય છે.
અને મારો આત્મા મારા ઉદ્ધારક પરમેશ્વરમાં રાચે છે.
કારણ, તેણે પોતાની આ દીન દાસી ઉપર કૃપાદષ્ટિ કરી છે.(લૂક ૨, ૪૬-૪૭).

એક બાજુ ચમત્કારિક રીતે સાજી થયેલી બાઈ તથા બીજા શ્રદ્ધાળુ લોકો ઈશ્વરની સ્તુતિ ગાય છે તો બીજી બાજુ ઈસુના વિરોધીઓનો પ્રતિભાવ બિલકુલ ભિન્ન છે. બધા લોકોની આગળ સાજી થયેલી બાઈની સાથ ઈશ્વરની સ્તુતિ ગાવાને બદલે એ લોકો ઈસુ સામે ગુસ્સો કરે છે. કારણ, વિશ્રામવારે કોઈ કામ કરવાની મનાઈ છે, તે કાયદાને અવગણીને ઈસુએ અઢાર વર્ષથી વાંકી વળેલી બાઈને સાજી કરવાનો ગુનો બધાની આદળ કર્યો છે.

ઈસુના વિરોધીઓનો પ્રતિભાવ આપતાં લૂક કહે છે, વિશ્રામવારને દિવસે સાજી કરી એથી સભાગૃહનો અધ્યક્ષ ઈસુ ઉપર રોષે ભરાઈને લોકોને કહેવા લાગ્યો, કામ કરવાના છ છ દિવસ છે. એ દિવસો દરમિયાન સાજા થવા આવો, પણ વિશ્રામવારે નહી'(લૂક ૧૩, ૧૪).

જુઓ! ઈસુના વિરોધીઓ ઈસુ સામે રોષે ભરાયા છે. પણ તેઓ પોતાનો રોષ ઈસુ સામે વ્યક્ત કરી શકતા નથી પણ પેલી બાઈને અને લોકોને કહે છે, કામ કરવાના છ છ દિવસ છે. એ દિવસો દરમિયાન સાજા થવા આવો, પણ વિશ્રામવારે નહિ."

ઈસુ પોતાના વિરોધીઓનું પાખંડીપણું બરાબર જાણે છે. ઈસુ મોં જોઈને ચાંદલો કરનાર માણસ નથી. એટલે તેઓ પોતાના વિરોધીઓને ઉઘાડા પાડતા છત્તાપટ કહે છે, તમે તે કેવા પાખંડી છો! તમારામાં એક

પણ એવો છે જે વિશ્રામવારે પોતાના બળદને કે ગધેડાને ગમાણમાંથી છોડીને પાણી પાવા ન લઈ જતો હોય? તો આ બાઈને અબ્રાહામના કુળની એક દીકરીને અઢાર વર્ષ થયાં સેતાને બાંધી રાખી હતી. એને વિશ્રામવારે છૂટી કરી એ ખોટું કર્યું?(લૂક ૧૩, ૧૫-૧૬).

ઈસુ પોતાના વિરોધીઓના પાખંડીપણાને ઉઘાડા પાડતાં લોકોના જ દૈનિક જીવનના દાખલા લઈને પોતે તે કર્યું છે બરાબર છે તેમ પૂરવાર કરે છે. વાસ્તિવક હકીકત સામે વિરોધીઓનું પાખંડીપણું ચાલિ નહિ. એટલે તેઓ શરમિંદા થઈ ગયા. લૂક નોંધે છે, આ વચનો ઉચ્ચારતાં જ તેમના વિરોધીઓ શરમિદાં બની ગયા; પણ લોકો તો ઈસુ જે અદ્દભુત કાર્ય કરી રહ્યા હતા તે જોઈને આનંદમગ્ન બની ગયા(લૂક ૧૩, ૧૭).

ઈસુના પ્રતિભાવમાં વિશ્રામવારની પવિત્રતાને આડકતરી રીતે સ્વીકારવા સાથે દયા અને કરુણાનાં સેવાકાર્યો કરવાની જરૂરિયાત જોઈ શકાય છે. તો આપણી નાનીમોટી આધ્યાત્મિક અને શારીરિક માંદગી કે જરૂરિયાતમાં પેલી બાઈની જેમ શ્રદ્ધાથી ઈસુ પાસે પહોંચીએ. બાઈની વાત બતાવે છે તેમ ઈસુ આપણી વહારે આવશે.